ALAVI CO-OPERATIVE BANK LIMITED
Since 1958
HEAD OFFICE : Wadi Chokhandi, Vadodara-390017 Ph.: (0265) 2582039, 2583933 (Fax) 2582245
Branches : AJWA ROAD. Ph. (0265) 2561817, 2510258 FATEHGUNJ (0265) 2750027, 3252284

# સેઈફ ડીપોઝીટ લોકર ખાના નો ભાડા કરાર

આ ભાડા કરાર આજરોજ તા............. માહે............... ઈસવીસન........ ના રોજ બન્ને પક્ષકારો વચ્ચે કરવામાં આવેલ છે. જેમાં એક પક્ષે **ધી અલવી કો.ઓપરેટીવ બેન્ક લિમિટેડ જેની હેડઓફિસ વાડી ચોખંડી, વડોદરા** ખાતે અને શાખાઓ ............................... (શાખાનું નામ) સહિત વડોદરા જીલ્લાના વિવિધ સ્થળોએ આવેલ છે અને જે ધી ગુજરાત કો.ઓપરેટીવ સોસાયટીઝ એક્ટ ૧૯૬૧ અન્વયે નોંધાયેલ જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક છે.જેને હવે પછી આ કરારમાં ભાડે આપનાર એ રીતે ઓળખવામાં આવશે. જેઓ સેઈફ ડીપોઝીટ લોકર્સ ના માલિક છે અને સદર લોકર્સ જાહેર જનતા / તેમના સભાસદો ને નિયત શરતોએ ભાડે આપે છે જ્યારે બીજા પક્ષે અમો

(૧)શ્રી /શ્રીમતી ...................................રહેવાસી.......................... ............ ...
... ..............................ઉંવર્ષ............... ધંધો..........................તથા
(૨)શ્રી /શ્રીમતી ...................................રહેવાસી.......................... ............ ...
... ..............................ઉંવર્ષ............... ધંધો..........................તથા
(૩)શ્રી /શ્રીમતી ...................................રહેવાસી.......................... ............ ...
... ..............................ઉંવર્ષ............... ધંધો..........................તથા
(૪)શ્રી /શ્રીમતી ...................................રહેવાસી.......................... ............ ...
... ..............................ઉંવર્ષ............... ધંધો..........................તથા

જેમને હવે પછી આ કરારમાં ભાડે લેનાર એ રીતે ઓળખવામાં આવશે અને તેમની વચ્ચે નીચે દર્શાવેલ શરતો અને નિયમો પ્રમાણે આ કરાર કરવામાં આવેલ છે.

૧. ભાડે આપનાર તેમની માલિકીના સેઈફ ડીપોઝીટ લોકર્સ પૈકી લોકર (ખાના નં.)........... પ્રકાર ............. જેની ચાવી નંબર............. છે. તે અમોને મળેલ છે. સદર લોકર બેન્ક દ્વારા અમોને ભાડે આપેલ છે જે અંગે બીજા પક્ષકારે ત્રણ વર્ષના ભાડાની રકમ તેમજ લોકર તોડવા થતી લાગત સહિત ની રકમ રૂા.................. ઓછામાં ઓછા ત્રણ વર્ષ માટે ડીપોઝીટ તરીકે મુકવાના રહેશે. જે પર કોઈપણ પ્રકારનું વ્યાજ ચુકવવામાં આવશે નહિ.
૨. અમો ભાડે લેનાર નું કાયમી સરનામું અને ફોન નંબર નીચે દર્શાવ્યા પ્રમાણે છે તેમાં ફેરફાર થશે તો તેની તુરત જ જાણ ભાડે આપનાર ને અમો ભાડે લેનાર કરીશું. કાયમી સરનામું....................................... ... ફોન નંબર / મોબાઈલ નંબર................
૩. લોકરધારકે બેન્કે ઠરાવ્યા મુજબની ડીપોઝીટ ત્રણ વર્ષ માટે મુકવાની રહેશે ત્યારબાદ જે તે સમયે જે નિયમ હશે તે પ્રમાણેની ડીપોઝીટ ભરવાની રહેશે.
૪. સંજોગોવસાત જો કોઈ લોકરધારક પોતાનું લોકર ત્રણ વર્ષ કરતાં વહેલું પરત કરે અથવા જે સમય માટે એડવાન્સ ભાડું ભરેલ હોય તો રાખેલ લોકરના વપરાશના સમય ના માસ અને માસ કોઈપણ ભાગને આખો માસ ગણી તથા કુલ માસ માટે ભાડાની ગણતરી કરી તેટલી રકમ કાપી બાકીની રકમ પરત આપવામાં આવશે.

૫. સેફ ડીપોઝીટ લોકર (ખાના) માં ચીજ-વસ્તુ, જણસ લેવા મુકવાનો વ્યવહાર ભાડે આપનાર બેન્ક ની શાખા / કચેરીના કામકાજ ના સમય પ્રમાણે સોમવારથી શુક્રવાર સુધી સવારના ૧૦.૦૦ વાગ્યા થી બપોરે ૪.૩૦ વાગ્યા સુધી અને માસના પ્રથમ અને ત્રીજા શનિવાર ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યા થી બપોરે ૪.૩૦ વાગ્યા સુધી નો રહેશે. (રીસેષના સમય સિવાય) માસના બીજા અને ચોથા શનિવાર તેમજ તમામ રવિવાર તથા જાહેર રજાના દિવસોએ સેઈફ ડીપોઝીટ લોકર ની સવલત પ્રાપ્ત રહેશે નહિ.

૬. લોકર એક વ્યક્તિના નામે અથવા વધારામાં વધારે ચાર વ્યક્તિઓના નામે ભાડે લઇ શકાશે જ્યારે લોકર સંયુક્ત નામે ભાડે આપવામાં આવેલ હોય ત્યારે લોકરનો વહીવટ બધીજ વ્યક્તિઓ સંયુક્ત રીતે અથવા તેઓ પૈકી કોઇ સંયુક્ત રીતે અથવા અલગ અલગ રીતે તેમને લોકરના વહીવટ કરવાની આપેલ સુચના પ્રમાણે કરી શકાશે.

૭. લોકર હોલ્ડર / હોલ્ડર્સ તેમના વતી લોકરનો વહીવટ કરવા માટે કોઇપણ વ્યક્તિની પ્રતિનિધી તરીકે નિમણુક જરૂરી લેખિત અધિકારપત્ર પર સહી / સહીઓ કરી આપી શકશે જે તેમને તથા તેમના વંશ-વાલી-વારસો વિગેરેને કબુલ મંજુર રહેશે.

૮. લોકર હોલ્ડર / હોલ્ડર્સ ના મૃત્યુ પામવાથી તેમને આપેલ ઉપરોક્ત અધિકારપત્ર આપોઆપ રદ થશે અને લોકરનો વહીવટ જ્યારે લોકર એક વ્યક્તિના નામે હોય તેવા સંજોગોમાં તેમને નિમણુક કરેલ નોમીની અથવા જો તેમને નોમીની ની નિમણુક ન કરી હોય તો તેમના કાયદેસરના વારસદાર / વારસદારોને કરવા દેવામાં આવશે જ્યારે લોકર એક કરતાં વધારે વ્યક્તિના સંયુક્ત નામે હોય અને એક વ્યકિતનું મૃત્યુ થાય તો લોકરનો વહીવટ , લોકરના વહીવટ કરવાની સુચના પ્રમાણે કરવા દેવામાં આવશે પરંતુ જો મરનાર વ્યક્તિએ નોમીની / વારસદારની નિમણુક કરેલ હોય તો લોકર નો વહીવટ હયાત હોલ્ડર અને મરનાર વ્યક્તિ એ નિમેલ નોમીની / વારસદાર સાથે સંયુક્ત રીતે કરવા દેવામાં આવશે. જો મરનાર વ્યક્તિએ નોમીની ની નિમણુક ન કરેલ હોય અને મરનાર ના કાયદેસરના વારસદાર / વારસદારો તરફથી લોકરના વહીવટ અંગે વાંધો / માંગણી કરવામા આવે તો એ સંજોગોમાં સક્ષમ કોર્ટના આદેશ અનુસાર લોકરનો વહીવટ કરવા દેવામાં આવશે.

૯. આ ભાડા કરાર રદ કરવા માટે કોઇપણ પક્ષકારે નોટીસ આપવી ફરજીયાત છે અને લોકર ભાડે રાખનારે આ અંગેની અરજી સાથે ડીપોઝીટની અસલ પાવતી રજુ કરવાની રહેશે તેમજ લોકર પરત સોંપતી વખતે લોકર ખાલી કરી ચકાસણી કરી લોકરની ચાવી બેન્કને પરત કરવાની રહેશે.

૧૦. ભાડે રાખનાર વ્યક્તિ / વ્યક્તિઓ ભાડા કરારની કોઇપણ શરતોનું ભંગ કરેતો અથવા જો કોઇપણ સંજોગોમાં નિયત કરવામાં આવેલ ડીપોઝીટની રકમ જે સમય માટે મુકવામાં આવેલ હોય તે સમય પુરો થતાં પહેલા ૧૫ દિવસ પહેલાં નોટીસ આપી ભાડે આપેલ લોકર (ખાનું) જપ્ત કરી પંચની રૂબરૂમાં નિયમ અનુસાર તોડી , ખોલાવી તેમાં રહેલ વસ્તુઓ / જણસ જપ્ત કરી તેની યાદી બે સ્વતંત્ર સાક્ષીઓની હાજરીમાં કરી તે પર સદર બે સાક્ષીઓ અને બેન્કના અધિકૃત અધિકારીઓ સહી કરી તે વસ્તુઓ / જણસો સાથે સીલબંધ કવરમાં આગપ્રતિરોધક કબાટ (ફાયરપ્રૂફ કેબીનેટ) માં રાખવામાં આવશે જેની વિસ્તૃત નોંધ રાખવામાં આવશે.

૧૧. ભાડે રાખનારે કોર્ડવર્ડ (સંકેત શબ્દ) યાદ રાખવાનો રહેશે તેમજ બન્ને પક્ષકારોએ (ભાડે રાખનાર તેમજ ભાડે આપનારે) કોર્ડવર્ડ (સંકેત શબ્દ )ની ગુપ્તતા જાળવવાની રહેશે.

૧૨. લોકર (ખાનું) ભાડે રાખનારે તેની ચાવી સુરક્ષિત રીતે સાચવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં જો ચાવી ખોવાઇ જાય તો તેની જાણ ભાડે રાખનારે ભાડે આપનાર બેન્કને તુરત જ કરવાની રહેશે અને નિયમ અનુસાર લોકર (ખાનું) તોડીને ખોલવામાં આવશે અને સંબંધિત કંપની પાસેથી નવું તાળુ તથા ચાવી લેવામાં આવશે જે અંગેનો તમામ પ્રકારનો ખર્ચ ભાડે રાખનારે ભોગવવાનો રહેશે. લોકર (ખાનું) ખોલવાની વિધિ લોકર (ખાનું) બનાવનાર કંપની અથવા તેના અધિકૃત પ્રતિનિધી દ્વારા જ કરવા દેવામાં આવશે, અન્ય કોઇ વ્યક્તિને આ કાર્યવાહી સોંપી શકાશે નહિ.

૧૩. ભાડે રાખનાર તેમને ભાડે લીધેલ લોકર (ખાનું) બીજી કોઇપણ વ્યક્તિ / વ્યક્તિઓ ને પેટ ભાડે આપી શકશે નહિ.

૧૪. લોકર (ખાનું) માં અચાનક સળગી ઉઠે તેવો પદાર્થ કે વિસ્ફોટ સામગ્રી કે મારક હથિયાર કે અન્ય કોઈપણ પ્રકારની પ્રતિબંધક સામગ્રી રાખી શકાશે નહિ. જો લોકર (ખાનું) ભાડે રાખનારે ઉપર જણાવેલ કોઈપણ સામગ્રી લોકર (ખાનું) માં રાખેલ હશે તો તેના કારણે જે કાંઇ કાયદાકીય કે અન્ય પરિસ્થિતી ઉત્પન્ન થશે તો તેની સંપુર્ણ જવાબદારી ફક્ત ભાડે રાખનાર ની રહેશે અને બેન્ક લોકર પરત લેવા હક્કદાર રહેશે.

૧૫. લોકર (ખાનું) ભાડે રાખનારે લોકર (ખાનું) આપનાર બેન્કને આપેલ સરનામા પર મોબાઇલ નંબર પર એસએમએસ/ ઇમેઇલ આઇડી પર બેન્ક તરફથી નોટીસ અને અન્ય ખબર આપવામાં આવે તે યોગ્ય રીતે લોકર (ખાનું) ભાડે રાખનારને મળેલ છે તેમ માનવામાં આવશે.

૧૬. ભાડે આપનાર બેન્ક તરફથી સેઇફ ડીપોઝીટ લોકર ની સુરક્ષા માટે યોગ્ય પ્રકારની સાવધાની રાખવામાં આવશે. તેમ છતાં કુદરતી સંજોગોના કારણે જેવા કે પુર, ધરતીકંપ, વીજળી, લુંટફાટ, વાવાઝોડા ના કારણે લોકર માં મુકેલ વસ્તુઓને નુકશાન અથવા ક્ષતિ થશે તો તેવા કિસ્સામાં તેમજ બેન્કના સેઇફ ડીપોઝીટ વોલ્ટના ક્ષેત્રમાં અગર બેન્ક પરિસરમાં કોઇપણ વ્યક્તિએ છોડેલ વસ્તુઓ માટેની કોઇ જવાબદારી અથવા દાયિત્વ બે ન્ક સ્વીકારશે નહિ અને લોકર રાખનાર દ્વારા લોકર ખુલ્લા છોડી દેવાના કારણે અગર લોકરનો વહીવટ કરવાના સમયે સામાન્ય ચીજવસ્તુઓ બહાર છોડી દેવાના કારણે કે રહી જવાના કારણે થયેલ નુકશાનની સંપુર્ણ જવાબદારી લોકર ભાડે રાખનાર ની રહેશે.

૧૭. લોકર (ખાનું) ભાડે રાખનાર ના બચત ખાતામાંથી વખતોવખત નિયત કરેલ ડીપોઝીટ ની રકમ અંગે ખુટતી રકમ બેન્ક ઉધારી વસુલ કરી શકશે અને લોકર (ખાનું) ભાડે રાખનાર સદર બચત ખાતામાં પુરતી રકમ જમા રાખશે.

૧૮. અનિવાર્ય સંજોગો અને પરિસ્થિતી ના કારણે સેઇફ ડીપોઝીટ વોલ્ટ ના કામકાજના સમયમાં ફેરફાર કરવાનું તેમજ જરૂરિયાત પ્રમાણે લોકર (ખાનું) ના ભાડામાં વધારો કરવાનું કે નિયત ડીપોઝીટ ની રકમમાં વધારો કરવાનો અધિકાર લોકર (ખાનું) ભાડે આપનાર બેન્કનો રહેશે.

૧૯. લોકર (ખાનું) આપનાર બેન્કના તથા લોકર (ખાનું) ભાડે રાખનાર વ્યક્તિ / વ્યક્તિઓનો સંબંધ ફક્ત માલિક અને ભાડુઆત નો રહેશે અને આ કરાર અન્વયે બેન્કર અને ગ્રાહકનો સંબંધ પ્રસ્થાપિત કરી શકાશે નહિ કે તે અન્વયેના અન્ય લાભો મેળવી શકાશે નહિ.

૨૦. લોકર (ખાનું) ભાડે રાખનાર તરફથી ભાડે રાખવામાં આવેલ લોકર (ખાનું)માં કોઇપણ પ્રકારની ચીજવસ્તુ મુક્યા પછી કે લીધા પછી સદર લોકર (ખાનું) વ્યવસ્થિત રીતે બરાબર બંધ થયુ છે કે નહિ તેની ચકાસણી લોકર (ખાનું) ભાડે રાખનારે કરી લેવાની રહેશે તેમ છતાં લોકર ભાડે રાખનાર તરફથી લોકર (ખાનું) ખુલ્લુ રહી ગયેલ હશે તો તે અંગે ની જવાબદારી બેન્કની રહેશે નહિ પરંતુ ફક્ત ભાડે રાખનાર ની રહેશે.

૨૧. અસામાન્ય સંજોગો જેવા કે હુલ્લડ, અશાંતિ, કુદરતી આફતની પરિસ્થિતીમાં કોઇપણ જાતની અગાઉથી ખબર આપ્યા સિવાય યોગ્ય લાગે તેટલા સમય માટે સેઇફ ડીપોઝીટ વોલ્ટ બંધ રાખવા અગર ખોલવા માટે ના સમયમાં ફેરફાર કરવાનો હક્ક લોકર (ખાનું) ભાડે આપનાર બેન્કનો રહેશે.

૨૨. લોકર (ખાનું) ભાડે રાખનારે જરૂરી ફી ભરી લોકર (ખાનું) ભાડે આપનાર બેન્કના સામાન્ય સભ્ય કે નોમીનલ (નામના) સભ્ય બનવું ફરજીયાત રહેશે.

૨૩. આ નિયમો વિરૂધ્ધ વર્તન કરનાર લોકર ચાલુ રાખવાનો હક્ક ગુમાવશે અને ખાનાનો કબજો બેન્ક લઇ શકશે. બેન્કને થયેલ નુકશાનની જવાબદારી લોકર (ખાનું) ભાડે રાખનાર ની રહેશે.

૨૪. જો લોકરમાં સતત સાત વર્ષ સુધી કોઇપણ પ્રકારનો વ્યવહાર કરવામાં ન આવે અને લોકરધારક ની ભાળ ન મળે તો નિયમીત રીતે ભાડું ચુકવવામાં આવતું હોવા છતાં સદર લોકર તથા તેની અંદર રહેલ વસ્તુઓ , જણસો નોમીની / કાયદેસરના વારસોને નિયમાનુસારની કાર્યવાહી કરી આપવા માટે બેન્ક સ્વતંત્ર રહેશે.

૨૫. લોકરમાં લાંબા સમય સુધી કોઇપણ જાતનો વ્યવહાર કરવામાં ન આવ્યો હોય અને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયા ની માર્ગદર્શિકા તેમજ ભાડા કરારમાં દર્શાવેલ કલમો - શરતો પ્રમાણે લોકર ખોલવાની / તોડવાની તેમજ તેમાંથી નીકળેલ વસ્તુના નિકાલની કાર્યવાહી કરવામાં આવી હોય ત્યારે બેન્ક તેની નિયત કરેલ જવાબદારીમાંથી મુક્ત થશે અને લોકર ધારક કે તેના નોમીની / વારસદાર તરફથી કોઇ વાંધો કે તકરાર ઉઠાવી શકાશે નહિ.

૨૬. બેન્ક લોકર માં મુકવામાં આવતી કે લોકરમાંથી લેવામાં આવતી વસ્તુઓ / જણસ ની નોંધ કે વિગત રાખતી નથી તેથી લોકરમાં શું છે તેની માહિતી ના અભાવે લોકર માં રહેલ વસ્તુ / જણસ નો વીમો લેવો શક્ય ન હોય તેનો વીમો ઉતરાવતી નથી અને તેની જવાબદારી બેન્ક ની નથી. લોકરની અંદર રહેલ વસ્તુ / જણસ માટે બેન્ક કોઈપણ સંજોગોમાં સીધી કે આડકતરી કોઈપણ રીતે લોકર ધારક ને વીમો લેવા માટે કહેશે નહિ.

૨૭. લોકર (ખાનું) ભાડે રાખનારે સેઈફ ડીપોઝીટ વોલ્ટ / લોકર્સ ને લગતા નિયમો માં ભાડે આપનાર બેન્ક તરફથી વખતોવખત જે કાંઇ ફેરફાર કરવામાં આવશે તેનું પાલન કરવા માટે લોકર (ખાનું) ભાડે રાખનાર જવાબદાર રહેશે.

સ્થળ : વડોદરા

તારીખ : ......../......../.............

(૧)

.....................................
(ભાડે રાખનાર ની સહી)

(૨)

.....................................
(ભાડે રાખનાર ની સહી)

(૩)

.....................................
(ભાડે રાખનાર ની સહી)

(૪)

.....................................
(ભાડે રાખનાર ની સહી)

ભાડે આપનાર ના સહી સિક્કા

(અધિકૃત અધિકારી)

**અધિકાર પત્ર**

પ્રતિ,
શાખા પ્રબંધક,
અલવી કો.ઓપરેટીવ બેન્ક લિમિટેડ
..................... શાખા

**વિષય : પ્રતિનિધી ની નિમણુક બાબત.**

આથી હું / અમો
૧ .............................................
૨ ..............................................
૩ .............................................
૪ .............................................
એ લોકર નંબર................ જેની ચાવી નંબર.................. છે તે અલવી કો.ઓપરેટીવ બેન્ક લિમિટેડ ની .................... શાખા પાસેથી ભાડે રાખેલ છે. અનિવાર્ય સંજોગોના કારણે હાલમાં સદર લોકરનો વહીવટ અમે જાતે કરવા અસમર્થ હોવાથી અમારા પ્રતિનિધી તરીકે શ્રી / શ્રીમતી .................................... ઉં.વર્ષ.............. ધંધો...................., રહેવાસી........................................................................... ની નિમણુક કરેલ છે તો તેમને / અમારા વતી લોકરનો વહીવટ કરવાની અનુમતિ આપશો જે મને / અમને તથા અમારા વંશ-વાલી-વારસોને કબુલ મંજુરઅને બંધનકર્તા રહેશે.
આ અધિકારપત્ર રદ કરવાની જાણ અમારા તરફથી બેન્કને કરવામાં ન આવે ત્યાં સુધી મારા / અમારા પ્રતિનિધીએ ઉપર જણાવેલ લોકર (ખાનું) માં કરેલ લેવડદેવડ માટે હું / અમે જવાબદાર રહીશું.

ઉપર જણાવેલ અમારા પ્રતિનિધી એ તેમની સહી મારી / અમારી રૂબરૂમાં કરેલ છે તે સ્વીકારી સદર લોકર (ખાનું) માં લેવડદેવડ, વહીવટ કરવાની પરવાનગી આપશો.

પ્રતિનિધીની સહી :......................

ભાડે રાખનાર ની સહી

સ્થળ : વડોદરા

તારીખ : ......./........./.........

(૧).........................................
(૨).........................................
(૩).........................................
(૪).........................................

ઉપરોક્ત અધિકારપત્ર આજે તા................. તથા સમયે................... મળેલ છે જેની નોંધ સંબંધિત નમુના ની સહીના કાર્ડમાં , લેજર , રજીસ્ટર વિગેરેમાં કરેલ છે.

તારીખ :.......................

અધિકૃત અધિકારી ની સહી

(શાખાનો સિક્કો)

**નોંધ : નિયુક્ત પ્રતિનિધીના કેવાયસી ડોકયુમેન્ટસ મેળવી લેવા જરૂરી છે.**

**નમુનાની સહી / સહીઓ તથા લોકર (ખાના) માં લેવડ-દેવડ (વ્યવહાર)કરવા માટે સુચના**

આથી હું / અમો

૧ ...........................................

૨ ............................................

૩ ...........................................

૪ ...........................................

એ લોકર નંબર............... જેની ચાવી નંબર................. છે તે અલવી કો.ઓપરેટીવ બેન્ક લિમિટેડ ની ................... શાખા પાસેથી ભાડે રાખેલ છે. તેમાં લેવડ-દેવડ નો વહીવટ મારા એકલા દ્વારા / અમો સંયુક્ત રીતે / અમારામાંથી કોઈપણ એક વ્યક્તિ દ્વારા / અમારામાંથી (૧)(૨)(૩)(૪) દ્વારા અથવા અમારામાંથી જે વ્યક્તિ હયાત હોય તે દ્વારા અથવા આ ભાડા કરારની શરત નં-૮ માં જણાવ્યા પ્રમાણે કરવામાં આવશે.

| પુરૂં નામ | સહી |
|---|---|
| ૧ ........................................... | ...................................... |
| ૨ ........................................... | ...................................... |
| ૩ ........................................... | ...................................... |
| ૪ ........................................... | ...................................... |

---

આથી હું / અમો

| પુરૂં નામ | વારસદારનું નામ | સંબંધ |
|---|---|---|
| ૧ ............................... | ........................................ | .................. |
| ૨ ............................... | ........................................ | .................. |
| ૩ ............................... | ........................................ | .................. |
| ૪ ............................... | ........................................ | .................. |

એ ઉપર જણાવ્યા પ્રમાણે નોમીની ની નિમણુક કરેલ છે જે મારા / અમારા મૃત્યુ બાદ ઉપર જણાવેલ ભાડે રાખેલ લોકર (ખાનું) નો વહીવટ કરવા હક્કદાર રહેશે.

| પુરૂં નામ | સહી |
|---|---|
| ૧ ........................................... | ...................................... |
| ૨ ........................................... | ...................................... |
| ૩ ........................................... | ...................................... |
| ૪ ........................................... | ...................................... |